સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી બાબત...

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક : સમશ-૧૦૨૦૦૧-૧૮૧૭-ગ.૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ : 12 FEB 2004

વંચાણે લીધા:-

૧.નાણાં વિભાગનો તા.૯/૯/૯૮ નો ઠરાવ ક્રમાંક:-પરચ-૧૦૯૮/૭૦૪/(૫૮)ઝ.૧
૨. શિ.વિ.નો તા.૮/૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક:સમશ-૧૦૨૦૦૧-ઇએમ-૧૯૦-ગ.૧
૩. શિ.વિનો તા.૨/૭/૯૯ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯--૭૪૧-ગ.
૪. શિ.વિનો તા. ૩૧/૮/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૯૮-૭૯-૮૨-ગ
૫. કમિશ્નરશ્રી મ.ભો.યો.અને શાળાઓની કચેરીનો તા.૨૩-૧૦-૨૦૦૧/નો
પત્ર ક્રમાંક:૫૮-મયબ-૬૭-૨૦૦૧-ખર/૧૬૬૮૩
૬.કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીનો તા.૧૮-૧-૨૦૦૧ નો
પત્ર ક્રમાંક:૫૮/મપબ/૬- ૨૦૦૨-ખ.૨-૮૨૧
૭. કમિશ્નરશ્રી મધ્યાહન ભોજના યોજના અને શાળાઓની કચેરીનો તા.૧૪/૮/૨૦૦૨ નો
પત્ર ક્રમાંક:૫૮/મપબ/૬/ ૨૦૦૨/ખ.૨/૧૨૧૪૭.
૮. કમિશ્નરશ્રી મધ્યાહન ભોજના યોજના અને શાળાઓની કચેરીનો તા.૨૩/૯/૨૦૦૨ નો
પત્ર ક્રમાંક:૫૮/ મપબ/૬/૨૦૦૨/ખ.૨/૧૩૪૪૫

ઠરાવ :-

ઉપર વંચાણમાં લીધેલ નાણા વિભાગના ઠરાવથી કરકસરની સૂચનાઓ અમલમાં છે. તે મુજબ રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓ તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તમામ સંવર્ગની ખાલી જગ્યાઓની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે પરંતુ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કામગીરીમાં મુશ્કેલી પડતાં શિક્ષણ વિભાગના તા.૮/૨/૨૦૦૧ના ઠરાવથી સરકારી માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક શાળાઓની શૈક્ષણિક જગ્યાઓ જે પ્રવર્તમાન ધોરણ મુજબ મળવા પાત્ર થાય છે. તેના ૮૦ ટકા સુધીની ખાલી રહેતી તમામ જગ્યાઓ ભરવાની છૂટ આપવામાં આવેલ તેમ છતાં, જગ્યાઓ વધુ પ્રમાણમાં ખાલી હોવાના કારણે શિક્ષણનું સ્તર ઉંચુ આવે તેમજ પરિક્ષાના પરિણામોમાં સુધારો થાય તે માટે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલ તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક જગ્યાઓ ૧૦૦ ટકા ભરવાની કમિશ્નરશ્રી.મધ્યાહન ભોજના યોજના અને શાળઓની કચેરીના આમુખમા દર્શાવેલ પત્રોથી દરખાસ્તો સરકારશ્રીમા રજૂ થયેલ આમુખમા દર્શાવેલ ક્રમાક:- (૩) આગળના આ વિભાગના તા.૨/૭/૯૯ ઠરાવથી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક/ /વહીવટી કર્મચારી/ તથા પટાવાળાની નિમણૂંક જે ભરતીના પ્રવર્તમાન નિયમોનુસાર કરવામા આવે છે તે મુજબ અનુક્રમે શિક્ષણ સહાયક,વહીવટી સહાયક અને સાથી સહાયકની પાંચ વર્ષ માટેની નિમણૂંક કરીને તેને ઉચ્ચક માસિકવેતનમાં મૂકીને પાંચ વર્ષ સુધીની સંતોષ જનક કામગીરીને અંતે ખાલી જગ્યાઓ ખાલી પડે તેમ નિમણૂંક આપવાની યોજના બાહાર પાડવામાં આવેલ છે. તેમુજબ સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંપણ ભરતી કરવામાટે છૂટ આપવા જણાવેલ છે આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પણ વિચારણાને અંતે

(૧) સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પ્રવર્તમાન ધોરણ મુજબ મંજૂર થયેલ તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક જગ્યાઓ (૧૦૦ ટકા) નિયમોનુસાર ભરવાની છૂટ આપવામા આવે છે.

(૨) આ હુકમની તારીખથી સરકારી માધ્યમિક શાળાઓ/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક, વહીવટી કર્મચારી તથા પટાવાળાની નિમણુંક જે ભરતીના પ્રવર્તમાન નિયમોનુસાર કરવામાં આવે છે તે મુજબ અનુક્રમે : શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નિમણુંક, ભરતીના પ્રવર્તમાન નિયમો મુજબ કરવાની રહેશે.

(૩) આ યોજના નીચે :- (૧) માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂ. ૪,૦૦૦/- (૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂ. ૪,૫૦૦/- (૩) શાળાની વહીવટી કામગીરી કરનાર વહીવટી સહાયકને માસિક રૂ. ૨,૫૦૦/- અને (૪) શાળાની સેવા વિષયક કામગીરી કરનાર સાથી-સહાયકને માસિક રૂ. ૧,૫૦૦/- ફીક્સ પગાર પાંચ વર્ષ સુધી તેઓ સંતોષકારક કામગીરી બજાવે તે શરતે ચુકવવામાં આવશે.

(૪) આ રીતે ઉપર દર્શાવેલ જે- તે સંવર્ગના કર્મચારીઓને અનુક્રમે મદદનીશ શિક્ષક, કારકુન અને વર્ગ-૪ ના કર્મચારી ( પટાવાળા) તરીકે નિયમિત કરવામાં આવશે.

(૫) આવી તમામ નવી નિમણૂંકો શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી-સહાયકની નિમણૂંક કરવાની રહેશે.
(૬) આવી નિમણૂંક મેળવનારને પાંચ વર્ષની મુદત પૂરી કર્યા બાદ છઠ્ઠા વર્ષથી મળવા પાત્ર પગાર ધોરણમાં શરૂઆતના તબક્કે મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૫/૨૦૦૩ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. પરમાર )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર
- બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
- એ.જી.રાજકોટ/ ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ,અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
- સંબંધિત સરકાર માન્ય સંઘો (શિક્ષણ કમિશ્નરશ્રી મારફત).
- સિલેકટ ફાઇલ. /- નાયબ સેકશન અધિકારીશ્રી,સિલેક્ટ ફાઇલ